**IDAR ANJANA PATIDAR H.K.M.ARTS & P.N.PATEL COMMERCE COLLEGE**

Managed by : Uttar Sabarkantha Uchcha Kelavani Mandal

Affiliated to : Hemchandracharya North Gujarat University, Patan

## ક્લાર્ક વર્ગ-3 (ગૃપ - A તથા ગૃપ B)ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (Combined Competitive Examination) માટેની વિગતવાર જાહેરાત

### જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૬

ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ સંચાલિત ઈડર આંજણા પાટીદાર એચ.કે.એમ આર્ટસ અને પી.એન.પટેલ કોમર્સ કોલેજ, ઈડર માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા તેઓના પત્ર ક્રમાંક: કવટ/ISC3/NOC/૨૧૯૫-૯૭, તા. ૧૭-૦૭-૨૦૨૫; ક્રમાંક: કવટ/ISC3/વર્ગ-3/NOC/૨૨૯૬૫-૬૭, તા. ૧૯-૦૯-૨૦૨૫થી મળેલ એન.ઓ.સી તથા તા. ૦૭-૦૪-૨૦૨૬ના પત્ર ક્રમાંક: કવટ/ISC3/NOC /બીજો પ્રયત્ન/૪૪૫૬૮થી મળેલ મુદત વધારા અંતર્ગત ક્લાર્ક વર્ગ-3 (ગૃપ - A તથા ગૃપ B)ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (Combined Competitive Examination) માટે નીચે દર્શાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગીયાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

**Group-A:-**

| ક્રમ | સંવર્ગ (વર્ગ-3) | જગ્યા |
|---|---|---|
| ૧ | સિનિયર ક્લાર્ક | ૦૨ |
| **કુલ Group-A** | | **૦૨** |

**Group-B:-**

| ક્રમ | સંવર્ગ (વર્ગ-3) | જગ્યા |
|---|---|---|
| ૧ | જુનિયર ક્લાર્ક | ૦૪ |
| **કુલ Group-B** | | **૦૪** |

1. આ માટે ઉમેદવારોએ તા. ૧૦/૦૫/૨૦૨૬ સુધી પ્રમુખ / મંત્રીશ્રી, ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ, ઈડર આંજણા પાટીદાર એચ.કે.એમ.આર્ટસ અને પી.એન.પટેલ કોમર્સ કોલેજ કેમ્પસ, મુ. પો. અને તાલુકો- ઈડર, જિલ્લો- સાબરકાંઠાને મળે તે રીતે કોલેજની વેબસાઇટ https://accidar.org/ પર મુકવામાં આવેલ અરજીપત્રના નમૂનામાં જ અરજી કરવાની રહેશે. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા જ પ્રમાણપત્રોની નકલો અરજીપત્રક સાથે જોડવાના રહેશે.
2. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. જેથી ઉમેદવાર દ્વારા અરજીપત્રક ભરતા સમયે કોઈ ભૂલ/ખોટી વિગત દર્શાવવાનું ટાળી શકાય કે જેના કારણે ઉમેદવારી રદ થવાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય.
3. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ ઈડર આંજણા પાટીદાર એચ.કે.એમ.આર્ટસ અને પી.એન.પટેલ કોમર્સ કોલેજ, ઈડરની વેબસાઇટ https://accidar.org/ પર મૂકવામાં આવશે. તેથી સમયાંતરે કોલેજની વેબસાઇટ અચૂક જોતાં રહેવું.
4. અરજી કરતી વખતે ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, વય, જાતિ તેમજ અન્ય લાયકાતના પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી 'રદ' થવાપાત્ર બને છે. આથી, અરજીપત્રક ઉમેદવારે કાળજીપૂર્વક ભરવાનું રહે છે.

5. જરૂરીયાત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારને મોબાઈલ નંબર પર સંપર્ક કરી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાંસંબંધિતકોલમમાંમોબાઇલનંબરઅવશ્યદર્શાવવોઅનેસમગ્રભરતીપ્રક્રિયાપૂર્ણથાયત્યાંસુધીઆ નંબરજાળવીરાખવોજરૂરીઅનેઆપનાહિતમાંછે.

| ક્રમ | સંવર્ગઅનેવર્ગ | ગ્રૂપ | કુલજગ્યા | કક્ષાવારજગ્યાઓ | | | | | દિવ્યાંગતાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | બિનઅનામત | આર્થિકરીતેનબળાવર્ગ | સા.શૈ.પ.વર્ગ | અનુ.જાતિ | અનુ.જનજાતિ | બધિરઅનેઓછુંસાંભળનાર (B) |
| ૦૧ | સિનિયરક્લાર્ક (વર્ગ-૩) | Group-A | ૦૨ | ૦૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલGroup-A** | | | **૦૨** | **૦૨** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** |
| ૦૨ | જુનિયરક્લાર્ક (વર્ગ-૩) | Group-B | ૦૪ | ૦૧ | ૦ | ૦૨ | ૦ | ૦ | ૦૧<br>0D, HH<br>(40-70%) |
| **કુલGroup-B** | | | **૦૪** | **૦૧** | **૦** | **૦૨** | **૦** | **૦** | **૦૧** |

- અનામતજગ્યાઓમૂળગુજરાતનાઅનામતવર્ગનાઉમેદવારોમાટેજઅનામતછે.
- દિવ્યાંગઅનામતનીજગ્યાનહોયત્યારેઅનામતસિવાયનીજગ્યાપર દિવ્યાંગઉમેદવાર ઉમેદવારીનોંધાવવા માંગેત્યારેનીચેમુજબનીદિવ્યાંગતામાન્યરહેશે:
  B (Blind), LV(Low Vision), D (Deaf), HH (Hard of Hearing), OA(One Arm), OL (One leg), BA (Both Arms), BL (Both Legs), OAL(One Arm and One leg), BLOA(Both Leg and One Arm), CP (Cerebral palsy), LC (Leprosy Cured), Dw (Dwarfism), AAV (Acid Attack Victim), ASD (Autism Spectrum Disorder) M- Mild MoD- Moderate, SLD (Specific Learning Disability), MI (Mental Illness), MD (Multiple Disabilities) Disabilities included in Group A to D, MDy (Muscular Dystrophy), ID- Intellectual Disability, SI- Spine Injury, SD- Spine Deformity

**BA*અને BL* માટેખાસનોંધ:-**

BA* અને BL* પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂક સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૩નાઠરાવક્રમાંક:SJED/DIA/EFILE /17/2023/1761 /CHH-1 SECTIONમાંઠરાવેલી જોગવાઈઓનેઆધીનરહેશે.

**6. નાગરિકત્વ:-**

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭નાનિયમ-૭નીજોગવાઈમુજબનીરાષ્ટ્રીયતાધરાવતાહોવાજોઈએ.

**7. (૧)વયમર્યાદા:-**

૧. જાહેરાતમાંદર્શાવેલઅરજીસ્વીકારવાનીછેલ્લીતારીખનારોજનીવયઆખરીગણવામાંઆવશે.

૨. તારીખ: ૧૦/૦૫/૨૦૨૬ નારોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ; અને

**(૨) વયમર્યાદામાં છૂટછાટ:-**

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | — |
| અનામત કેટેગરીના પુરુષ ઉમેદવારોને | ૫ વર્ષ | — |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરુષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરુષ ઉમેદવારોને (૫+૧૦=૧૫) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. | — |

**8. પગારધોરણ:-**

નાણાં વિભાગના તા. ૧૬-૨-૨૦૦૬ ના તથા તા. ૨૯/૪/૨૦૧૦ અને તા. ૬/૧૦/૨૦૧૧, તા. ૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: ખરચ -૨૦૦૨- ૫૭-ઝ.૧ તેમજ તા. ૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: - ખરચ -૨૦૦૨- ૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ તથા નાણા વિભાગના તા. ૧૮/૧૦/૨૦૨૩ ના અંતિમ ઠરાવ ક્રમાંક: ખરચ -૨૦૦૨- ૫૭-(પાર્ટ-૪)-ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિક્સ પગારથી નિમણૂક અપાશે. તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદુપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૩-૧૦-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ.૫ અને નાણાં વિભાગના તા. ૨૮-૦૩-૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:-ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ-૧, તા.૧૮/૦૧/૨૦૧૭ તથા તા. ૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી કોલેજમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ SLP No. 14124/2012 અને SLP No. 14125/2012 ના આખરી ચુકાદાને આધીન રહેશે.

| ક્રમ | સંવર્ગ (વર્ગ-૩) | પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિક્સ પગાર |
|---|---|---|
| ૧. | સીનીયર ક્લાર્ક | ૨૬,૦૦૦/- |
| ૨. | જુનિયર ક્લાર્ક | ૨૬,૦૦૦/- |

**9. શૈક્ષણિક લાયકાત:-**

- ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી

કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે. અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

- ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.
- ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

**નોંધ:-**

- o ઉપર દર્શાવેલ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલી શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો અરજીપત્રકમાં સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ, આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઈઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ ઉક્ત જાહેરાત માટે અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.
- o આ જાહેરાતની કોઈ પણ બાબતે અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમિયાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

10. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો માટેના ઉમેદવારો માટેની સામાન્ય સૂચનાઓ:-

- મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારને જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ અને અનામત વર્ગો તરીકેના લાભો મળવાપાત્ર થશે.
- અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ નમૂનામાં અને સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલું હોવું જોઇશે.
- અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે, તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં કે અન્ય કોઈ છૂટછાટ મળશે નહિ.

**11. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો:-**

1. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોએ નાણાકીય ૨૦૨૩-૨૦૨૪/૨૦૨૪-૨૦૨૫/૨૦૨૫-૨૦૨૬ ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સસપ/૧૧૦૯/૧૬૬૩/અ થી રાજ્ય સરકારની નોકરી માટે નિયત થયેલ પરિશિષ્ટ-૪ મુજબ ગુજરાતી નમૂનામાં નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ તા.૦૧/૦૪/૨૦૨૩ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૧૦/૦૫/૨૦૨૬ સુધીમાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
2. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઈઓને ધ્યાને લેતાં ઉક્ત ૧૨(૧) માં દર્શાવેલ પરિશિષ્ટ-૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે તા.૦૧/૦૪/૨૦૨૫ થી અરજી કરવાની છેલ્લી તારીખ તા.૧૦/૦૫/૨૦૨૬ દરમિયાનમાં કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ Annexure-A મુજબના નમુનામાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
3. ઉક્ત ૧૧(૧) અથવા ૧૧(૨) મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કૅટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કૅટેગરીના ઉમેદવાર તરીકે કરવામાં આવશે.
4. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી " રદ" કરવામાં આવશે.
5. ઉમેદવારે ઉક્ત ૧૧(૧) અથવા ૧૧(૨) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઇશ્યૂ તારીખ અરજીમાં દર્શાવવાના રહેશે. ઉમેદવારે અરજીમાં જે નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટની વિગતો જણાવેલ

હોય તે જ પ્રમાણપત્ર ઉમેદવારે અરજી સાથે જોડવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિ. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમયમર્યાદાનું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

**12. દિવ્યાંગઉમેદવારો:-**

1. દિવ્યાંગ વર્ગના ઉમેદવારે બિનઅનામત જગ્યા માટે અરજી કરી હશે ત્યારે તેઓને બિનઅનામતનાં ધોરણો લાગુ પડશે.
2. જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલી ન હોય, પરંતુ, જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલા હોય, તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે દિવ્યાંગ ઉમેદવારને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ થી નિયત થયેલા સુપરિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં). દિવ્યાંગ ઉમેદવારોએ ફોર્મમાં પોતાની દિવ્યાંગતાની ટકાવારી અને વિગત દર્શાવવાની રહેશે.
3. દિવ્યાંગ ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: GAD /PHA/e-file/1/2023/8017/G2 અન્વયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા ૧૫/૧૨/૨૦૨૫ના પરીપત્ર ક્રમાંક: HFWD/MSM/e-file/7/2024/1833/A થી નિયત થયેલ નમૂનામાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના બદલે રજૂ કરવામાં આવેલ દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.

**13. માજી સૈનિક:-**

1. માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ નૌકાદળ/હવાઈદળ/ભૂમિદળની ઓછામાં ઓછા ૬ (છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો, સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક: GS/2018-(2)--RES-1085/3433/G-2ની જોગવાઈ મુજબ, ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજનો સમયગાળો ઉપરાંત, ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.
2. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: GAD/ERE/e-file/1/2023/5258/G-2થી ઠરાવ્યા મુજબ સીધી ભરતીની જાહેરાતમાં ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ ઉમેદવારી નોંધાવી શકશે.

**14. વિધવા ઉમેદવારો:-**

1. ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે કૉલમ સામે 'હા' અવશ્ય લખવું, અન્યથા 'લાગુ પડતું નથી' એમ દર્શાવવું.
2. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩ /ગ.૨માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને પરીક્ષામાં મેળવેલ ગુણના મેરિટ્સના આધારે મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે, પરંતુ તેઓએ નિમણૂક સમયે પુન: લગ્ન કરેલાં ન હોવાં જોઈએ અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજૂ કરવાના રહેશે.

   **નોંધ:-** ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઈ તબક્કે ઉમેદવાર પુનઃ લગ્ન કરેલાં ન હોવા અંગે તમામ પુરાવા અસલમાં રજૂ કરવા નિષ્ફળ રહેશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુનઃ નક્કી કરવામાં આવશે.)
3. કોઈ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે 'વિધવા' ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિદ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે 'વિધવા' બને અને તે અંગે જરૂરી દસ્તાવેજ/પુરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે

પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને 'વિધવા મહિલા ઉમેદવાર' તરીકેના લાભ આપવામાંઆવશે.

### 15. માન્યરમતગમતનાવધારાનાગુણમેળવવામાટેનીલાયકાત:-

1. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ.૨ થી ઠરાવેલ જોગવાઈ અનુસાર ઍથ્લેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વૉલીબૉલ, ટેનિસ, વેઇટલિફ્ટિંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઇકલિંગ, જિમ્નેસ્ટિક્સ, જૂડો, રાઇફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકૂદમાં (i) રાષ્ટ્રીય /આંતરરાષ્ટ્રીય અથવા (ii) આંતર યુનિવર્સિટી અથવા (iii) અખિલ ભારત શાળાસંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલું હોય, તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેઓને પરીક્ષામાં મેળવેલ ગુણના મેરિટ્સના આધારે મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉક્ત ત્રણ પૈકીની કોઇ એક સ્પર્ધામાં ઉમેદવારોએ ભાગ લીધેલો હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉક્ત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલો હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી, તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં. ઉક્ત ત્રણ સ્તર પૈકીની કોઇ એક સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલા ઉમેદવારોએ સરકારના તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલું જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.
2. ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઇ તબક્કે ઉમેદવાર માન્ય કક્ષાનું માન્ય રમતનું પ્રમાણપત્ર ન હોવાનું સ્થાપિત થશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુન:નક્કી કરવામાં આવશે.
3. સરકારશ્રી દ્વારા નિયમિત ભરતીમાં છૂટછાટ મુકીને વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબતના વખતોવખતના સુધારા ઠરાવોની જોગવાઈઓ લાગુ પડશે.

### 16. શૈક્ષણિકલાયકાત/ વયમર્યાદા/ અન્યલાયકાતમાટે નિર્ધારિતતારીખ-

શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, ઉન્નત વર્ગોમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર (નોન ક્રીમીલેયર સર્ટિફિકેટ), આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર અને અન્ય જરૂરી લાયકાત માટે તા.૧૦/૦૫/૨૦૨૬ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

### 17. કોમ્પ્યૂટરની જાણકારી:-

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યૂટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું, કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યૂટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલા હોય તેવાં પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યૂટર એક વિષય તરીકે હોય તેવાં પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યૂટરના વિષય સાથે પાસ કરેલી હોય તેવાં પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. જો કે, આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ, આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યૂટરની બેઝિક નૉલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે, અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ" કરશે.

### 18. અરજી કરવાની રીત:-

આ જાહેરાતના સંદર્ભમાં ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ દ્વારા નિયત નમૂનામાં જ અરજી સ્વીકારવામાં આવશે. અરજીપત્રકનો નિયત નમૂનો કોલેજની વેબસાઇટ https://accidar.org/ પર મુકવામાં આવેલ છે. નિયત નમૂનામાં સંપૂર્ણ ભરેલ અરજી તમામ જરૂરી આધારો સાથેના બિડાણ સાથે તા. ૧૦-૦૫-૨૦૨૬ સુધીમાં નીચેના સરનામા પર મળી રહે તે રીતે મોકલી આપવાની રહેશે.

**અરજી મોકલવાનું સરનામું:**

પ્રમુખ/મંત્રીશ્રી,
ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ,
ઈડર આંજણા પાટીદાર એચ.કે.એમ. આર્ટસ અને પી.એન.પટેલ કોમર્સ કોલેજ કેમ્પસ,
બસ સ્ટેન્ડની સામે, વલાસણા રોડ,
મુ. પો. અને તાલુકો- ઈડર,
જિલ્લો- સાબરકાંઠા-383 430

અરજી બાબતની સૂચનાઓ નીચે મુજબ છે.

1. ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો આખરી તારીખ સુધીમાં છેલ્લી મળેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. જો ઉમેદવારે છેલ્લી અરજી સાથે નિયત ફીનો ડ્રાફ્ટ સામેલ રાખેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફીના ડ્રાફ્ટ સાથેની છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફીના ડ્રાફ્ટ સામેલ રાખેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.
2. **ના-વાંધા પ્રમાણપત્ર (NOC)**:- ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ મંડળની જાહેરાતના સંદર્ભમાં અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અચૂક કરવાની રહેશે.

**19. પરીક્ષા ફી:-**

1. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮/૦૫/૨૦૨૩ના જાહેરનામાની જોગવાઈ- ૧૧ મુજબ વર્ગ -૩(ગ્રુપ- એ તથા ગ્રુપ – બી) (સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા) માટે પરીક્ષા ફીના દરો નીચે મુજબ રહેશે.

| કલાર્ક વર્ગ-૩ (સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા) માટે પરીક્ષા ફી | | |
|---|---|---|
| | **બિન અનામત વર્ગ** | **અનામત વર્ગ** (તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ.વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, આ.ન.વર્ગ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવારો) |
| **પ્રાથમિક પરીક્ષા** | રૂ.૫૦૦/- | રૂ.૪૦૦/- |

2. પરીક્ષા માટેની ફી ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ ઈડરના નામના ડિમાન્ડ ડ્રાફ્ટ મારફત ભરવાની રહેશે. ઉમેદવારોએ અરજીપત્રક સાથે ડિમાન્ડ ડ્રાફ્ટ જોડવાનો રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ જોડ્યા વિનાની અરજીઓ ‘ રદ’ થશે.
3. પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે નહીં.
4. પરીક્ષા ફીનો ડિમાન્ડ ડ્રાફ્ટ જોડ્યા વિનાની અરજીઓ માન્ય રહેશે નહીં તથા તેવા ઉમેદવારનું અરજીફોર્મ કોઇ પણ જાતની જાણ કર્યા વગર દ્વારા 'રદ' કરવામાં આવશે.
5. કોલેજ/સંસ્થા દ્વારા અરજી રદ થયાના કિસ્સામાં પણ ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ પરીક્ષા ફી પરત મળવાપાત્ર (રિફંડ) રહેશે નહીં.

**20. (અ) પરીક્ષા પદ્ધતિ:-**

કોલેજ/સંસ્થા દ્વારા નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી (એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ? ઉમેદવાર જરૂરી લાયકાત ધરાવે છે કે કેમ? ઉમેદવારનો મહત્તમ વયમર્યાદામાં સમાવેશ થાય છે કે કેમ?) કર્યા બાદ લાયક ઉમેદવારોની રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૨૬ના જાહેરનામાં ક્રમાંક GS/2026/01/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

**તબક્કો-૧ : પ્રાથમિક પરીક્ષા (ગ્રુપ-A અને ગ્રુપ-B માટે સંયુક્ત પરીક્ષા) (OMR પધ્ધતિથી)**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧. | અંગ્રેજી (English) | ૧૫ ગુણ |
| ૨. | ગુજરાતી (Gujarati) | ૧૫ ગુણ |
| ૩. | સામાન્ય જ્ઞાન અને વર્તમાન પ્રવાહો (General Awareness and Current Affairs) | ૩૦ ગુણ |
| ૪. | સંખ્યાત્મક અભિયોગ્યતા (Quantitative Aptitude) | ૩૦ ગુણ |
| ૫. | રીઝનિંગ - તાર્કિક કસોટી (Reasoning) | ૬૦ ગુણ |
| | **કુલ (Total)** | **૧૫૦ ગુણ** |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબક્કામાં ગ્રુપ - A અને ગ્રુપ - B હેઠળના તમામ સંવર્ગો માટે પ્રાથમિક પરીક્ષા MCQ પદ્ધતિથી લેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષા ૧૫૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૫૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાકદીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.
- અરજી ફી સાથે અરજી કરનાર અને અરજીઓની પ્રાથમિક ચકાસણી બાદ લાયક ઉમેદવારોને પ્રાથમિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષાને અંતે ગ્રુપ - A અને ગ્રુપ B માટે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની અલગ અલગ યાદી તૈયાર કરવામાં આવશે. અને ગ્રુપ - A અને ગ્રુપ B માટે મેરીટસના આધારે ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાના સાત ગણા ઉમેદવારોને ગ્રુપ - A અને ગ્રુપ - B માટેની બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

**તબક્કો-૨ : મુખ્ય પરીક્ષા**

પ્રથમ તબક્કાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક: GS/2026/01/0125/K થી નિયત કરવામાં આવેલ નિયમો મુજબ ગ્રુપ-A માટે વર્ણનાત્મક જ્યારે ગ્રુપ-B માટે MCQ-પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી લેવામાં આવશે. મુખ્ય પરીક્ષા અંગેની વિગતો આ સાથે સામેલ Appendix-G મુજબ તથા પરીક્ષાનો અભ્યાસક્રમ Appendix-H મુજબ રહેશે.

**20. (બ) લઘુત્તમ લાયકી ધોરણ-**

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં તથા તે તબક્કાના તમામ પેપરમાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઇપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

**20. (ક) પસંદગી યાદી તૈયાર કરવાની પધ્ધતિ:-**

1. ઉમેદવારોએ પ્રથમ તબક્કાની પ્રાથમિક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે ગ્રુપ - A અને ગ્રુપ B માટેની મુખ્ય પરીક્ષા માટેના લાયક ઉમેદવારોની અલગ અલગ યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાના સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરાવવામાં આવશે.
2. સંસ્થા / કોલેજ દ્વારા બીજા તબક્કાની મુખ્ય પરીક્ષાને અંતે મેળવેલ ગુણ, લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ તેમજ કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાના આધારે ગ્રુપ A અને ગ્રુપ B માટે અલગ અલગ આખરી પસંદગી યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. તેમજ જે ઉમેદવારો મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેલ પરંતુ પસંદગી યાદીમાં સ્થાન મેળવી શકેલ નથી તેવા અસફળ ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.
3. આ જાહેરાતમાં અલગ-અલગ સંવર્ગોની સંયુક્ત જાહેરાત આપવામાં આવેલ હોવાથી સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/ ૩૯૧૦/ગ-૨ ની જોગવાઇઓ અનુસાર પ્રતિક્ષા યાદી (વેઈટીંગ લીસ્ટ) બનાવવામાં આવશે નહી.

## 21. પરીક્ષાનું આયોજન:-

1. ઈડર આંજણા પાટીદાર એચ.કે.એમ.આર્ટસ અને પી.એન.પટેલ કોમર્સ કોલેજ, ઈડર ખાતે અથવા કોલેજ/સંસ્થા દ્વારા જે સ્થળ નક્કી કરવામાં આવે ત્યાં ઉમેદવારે પરીક્ષા આપવાની રહેશે.
2. પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી તથા પ્રવેશપત્ર અંગેની સૂચના કોલેજની વેબસાઇટ https://accidar.org/ પર મૂકવામાં આવશે.
3. ઉમેદવારોએ પરીક્ષા કેન્દ્ર ખાતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

## 22. અગત્યની સૂચનાઓ-

1. ઉમેદવારે અરજીપત્રકમાં જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની કોઇ પણ વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં.
2. ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે.
3. ઉમેદવાર દ્વારા વિદેશની યુનિવર્સિટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવી ભારતમાં માન્યતા/સમકક્ષતા ગણવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જરૂરી આધાર/પૂરાવા રજુ કરવાના રહેશે.
4. ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો ચોંટાડે છે, તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો.) ઉમેદવારે આવો ફોટો તાજેતરમાં જ પડાવેલો હોવો જરૂરી છે, જેથી ભરતી/નિમણૂકના વિવિધ તબક્કે ઓળખ પ્રસ્થાપિત કરવામાં કોઈ મુશ્કેલી ન અનુભવાય.
5. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર અને ઇ-મેલ આઈ.ડી. દર્શાવે છે તે નંબર અને ઇ-મેલ આઇ.ડી. ચાલુ જ રાખવાં. ભવિષ્યમાં કોલેજ/સંસ્થા તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલા નંબરના મોબાઇલ પર આપવામાં આવશે. તેથી અરજીપત્રકમાં દર્શાવેલા મોબાઇલ નંબર, ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો, એ ઉમેદવારના હિતમાં છે.
6. કોલેજ/સંસ્થા જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈ પણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, સંસ્થાના પ્રમુખ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્ત્વની માહિતી છુપાવતાં હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઈ પણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈ પણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે કોલેજ/સંસ્થાએ રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે

ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલાં તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત- કોલેજ/સંસ્થા, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલા હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

7. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત ભવિષ્યમાં જે તે તબક્કે ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી કોલેજ/સંસ્થા દ્વારા 'રદ' કરી શકાશે. તેમજ જો પસંદગી/નિમણૂક થયેલી હશે તો પસંદગી/નિમણૂક, નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબક્કે ' રદ' કરવામાંઆવશે.
8. ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ ઉમેદવાર યોગ્ય જણાતો નથી, તો તેને પડતો મૂકી શકાશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.
9. ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭(વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલા ભરતી નિયમોને આધીન રહેશે.
10. આ જાહેરાત તથા ભરતીપ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો કોલેજ/સંસ્થાને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને કોલેજ/સંસ્થા આ માટે કારણો આપવા બંધાયેલું રહેશે નહીં.

તારીખ:-૩૦/૦૪/૨૦૨૬
સ્થળ:-ઇડર

પ્રમુખ/મંત્રી,
ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ